પસંદગી સમિતિ (Selection Committee)ના અધ્યક્ષશ્રી માટે બેઠકદીઠ ચૂકવણું નક્કી કરવા બાબત.

.................................................

ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

## ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૬૧૨૯૨૫/છ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૨/૦૯/૨૦૧૯.

<u>વંચાણે લીધા:</u>

(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીએસસીપીએસ/૪૬/૨૦૧૭-૧૮/૫૯૧૮, તા.૨૮/૧૨/૨૦૧૭ અને પત્ર ક્રમાંક: DSD/ICPS/GSCPS/2015-16/46/2323, તા.૨૧/૦૭/૨૦૧૮.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના જાહેરનામા ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/૫૦(૨૧૭૬૯૧)/છ, તા.૨૫/૦૫/૨૦૧૫.

<u>પ્રસ્તાવના:</u>

જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૦૦ હેઠળ રચવામાં આવેલ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૧ના નિયમ-૯૨ હેઠળ પસંદગી સમિતિ (Selection Committee)ની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના ઠરાવથી પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (3) ના જાહેરનામાથી પસંદગી સમિતિના અધ્યક્ષશ્રીની નિમણૂંક

કરવામાં આવેલ તથા તેઓ માટે બેઠકદીઠ ચૂકવણું નક્કી કરવાની વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ની જોગવાઇ પ્રમાણે નિમણૂંક પામેલ પસંદગી સમિતિના અધ્યક્ષશ્રી માટે પસંદગી સમિતિની બેઠકદીઠ ફિક્સ મળતર ફી રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ની રકમ ચૂકવવાની રહેશે તથા અન્ય કોઇ પણ પ્રકારના વધારાના ભથ્થા કે લાભ મળવાપાત્ર થશે નહીં. ઉપરાંત પસંદગી સમિતિની બેઠક હોય ત્યારે ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર દ્વારા પસંદગી સમિતિના અધ્યક્ષશ્રીને લાવવા તથા મુકવા માટે વાહનની વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૨/૨૦૧૯ની નોંધથી તથા સરકારશ્રીની મળેલ અનુમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patel

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી બી. એન. મહેતા, નિવૃત્ત ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ. વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ.

---

• પત્ર દ્વારા.